B.com

MAY - 2017 **Seat No.** 15-5-17

BCOMS205- (Sem - II)

Financial Acconting-II

Time : 3 Hrs. **Total Marks : 70**

સૂચના : (૧) બધા જ પ્રશ્નો ફરજીયાત છે.
(૨) જમણી બાજુ દર્શાવેલ આંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

પ્ર-૧ મે.ધોળકા બ્રધર્સનું તા.31-03-2017ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે. ૧૪

પાકું સરવૈયું

જવાબદારી		રૂપિયા	મિલકતો	રૂપિયા
મૂડીખાતાં			પાઘડી	10,000
સ્મિત	1,00,000		જમીન-મકાન	1,25,000
વભુ	80,000	1,80,000	સાંચા અને યંત્રો	26,200
સામાન્ય અનામત		14,000	સ્ટોક	29,400
ન.નુ.ખાતું		10,000	દેવાદારો	72,000
લેણદારો		51,500	લેણી હુંડી	11,400
દેવી હુંડી		8,000	રોકાણો	17,000
બેંકલોન		36,500	રોકડ હાથ પર	9,000
		3,00,000		3,00,000

ઉપરોક્ત તારીખે પેઢીનો ચાલુ ધંધો ખરીદી લેવા માટે રૂ. 2,40,000 ની સત્તાવાર મૂડી સાથે વડોદરા લિ. નામની નવી કંપનીની સ્થાપના કરવામાં આવી, જે મૂડી રૂ. 100 નો એક એવા 2400 ઇક્વિટી શેરોમાં વહેંચાયેલી છે. કંપનીએ પેઢી વતી દેવાદારો વસુલ કરવાનું અને લેણદારોને ચુકવવાનું પણ કબુલ્યું. અન્ય શરતો નીચે મુજબ હતી.

(૧) પેઢીની પાઘડી તેના છેલ્લા પાંચ વર્ષના કુલ નફા જેટલી ગણવી. છેલ્લા પાંચ વર્ષનો સરેરાશ નફો રૂ. 6000 હતો.

(૨) કંપની દ્વારા બધી જ મિલકતો અને જવાબદારીઓ લઇ લેવામાં આવી.

(૩) ખરીદ કિંમતની ચૂકવણી પેટે 1200 ઇક્વિટી શેરો 10 % ના પ્રીમીયમે, 10 % ના 600 ડિબેન્ચરો દરેક રૂ.100ના 10% ના વટાવે આપ્યા, તેમજ બાકીની રકમ રોકડમાં ચૂકવી.

(૪) કંપનીએ બાકીના શેરો, શેરદીઠ રૂ.10ના પ્રીમિયમે જાહેર જનતામાં બહાર પાડ્યા, જે ભરાય ગયા. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ આપી. શરૂઆતનું પાકું સરવૈયું બનાવો.

અથવા

(અ) ગમે તે બે ના જવાબ આપો. ૭

(૧) એક ભાગીદારી પેઢીની ચોખ્ખી મિલકતો રૂ. 25 લાખ છે. ચૂકવવાપાત્ર દેવાં રૂ. 5 લાખ છે. કંપનીએ પેઢીનો આ ધંધો ખરીદીને બદલામાં રૂ. 20 નો એક એવા 50000 ઇક્વિટી શેર 25% પ્રીમિયમે રૂ. 100 નો એક એવા 12% ના 6000 ડિબેન્ચરો 10 % વટાવે અને બાકીની રકમ ચેકડેથી ચૂકવી. કંપનીના ચોપડામાં ધંધાની ખરીદી તથા અવેજની ચૂકવણી અંગેની આમ નોંધ લખો.

(૨) રહીમ લિમિટેડે રામ બ્રધર્સનો ચાલુ ધંધો ખરીદી લીધો. ખરીદ કિંમત પેટે 15000 ઇક્વિટી શેર દરેક રૂ. 100 નો 50 % પ્રીમિયમથી આપ્યા. પાઘડી રૂ. 2,50,000 થઇ. જો લઇ લીધેલ કુલ જવાબદારીઓની કિંમત રૂ. 500000 હતી. તો લીધેલ કુલ મિલકતોની કિંમત જણાવો.

(૩) હિસાબી ધોરણ-૨ ઇન્વેન્ટરીનું મૂલ્યાંકન કે હિસાબી ધોરણ 6 ઘસારાની હિસાબી માવજત.

(બ) ગમે તે એક સમજાવો. ૭

(૧) હિસાબી ધોરણોની ઉપયોગીતા

(૨) હિસાબી ધોરણો અંગે કંપની ધારાની જોગવાઇઓ

પ્ર-૨ (અ) ભારત લિ. 1,50,000 ઇક્વિટી શેર બહાર પાડ્યા. સમગ્ર શેર અંગે નીચે મુજબ બાંહેધરી હતી.

છગન : 50 % મગન : 25 % અને ગગન : 25 %

કુલ 1,20,000 શેરની અરજીઓ મળી. જે પૈકી નિશાનીવાળી અરજીઓ નીચે મુજબ હતી.

છગન : 30,000 શેર, મગન : 15,000 શેર અને ગગન : 30,000 શેર

બાકીની અરજીઓ નિશાની વગરની હતી. બાંહેધરી દલાલોની જવાબદારી દર્શાવતું પત્રક તૈયાર કરો. ૮

અથવા

નીચેની વિગત પરથી બાંયધરી દલાલની જવાબદારી નક્કી કરો. ગુજરાત લિ. એ બહાર પાડેલ ઇક્વિટી શેર દરેક રૂ. 10 નો તેવા 1,60,000 શેર

આ પૈકી એકમાત્ર બાંયધરી દલાલ અમીરચંદ દ્વારા 1,20,000 શેર માટે બાંયધરી આપવામાં આવે છે. નિશાનીવાળી 90000 શેરની અરજી સહિત કુલ 128000 શેર માટે અરજી મળેલ છે.

(બ) સંસ્કાર લિમિટેડ 4000 14% ના ડિબેન્ચર્સ દરેક રૂ.100 નો 5 % ના વટાવે બહાર પાડી દશ વર્ષ બાદ 10% ના પ્રિમીયમે પરત કરે છે.

તમારે ડિબેન્ચર્સ બહાર પાડવા તથા પરત કરવા અંગેની આમનોંધ લખવાની છે. ૬

અથવા

(બ) ગમે તે બે ના જવાબ આપો.

(૧) ડિબેન્ચર પરતની રીતો ટૂંકમાં લખો.

(૨) ડિબેન્ચરના પ્રકારો.

(૩) શેર વેચાણની બાંયધરીના ફાયદા

(૨) કંપની તેના રૂ. 100 નો એક એવા 5000 ઇક્વિટી શેરના બદલામાં નીચે મુજબ ઇક્વિટી સ્ટોક આપે છે.

(i) રૂ. 105 ના ભાવે સ્ટોક, એક શેરદીઠ

(ii) રૂ. 95 ના ભાવે સ્ટોક, એક શેરદીઠ

(૩) 8 % ના દરેક રૂ. 20 ના 50000 પ્રેફરન્સ શેર પર એક વર્ષનું ડિવિડન્ડ ચૂકવવાનું બાકી છે. પ્રેફરન્સ શેરહોલ્ડરો અડધું ડિવિડન્ડ જતું કરે છે. બાકીની રકમ પેટે ચેકડ સ્વીકારે છે.

(ક) નીચેનાના જવાબ આપો. ૩

(૧) એક કંપનીએ રૂ. 100 નો એક એવા 100 ઇક્વિટી શેરનું રૂ. 9600 ના ઇક્વિ.સ્ટોકમાં રૂપાંતર કર્યું. આમનોંધ લખો.

(૨) એક કંપનીએ રૂ. 100 નો એક એવા 100 ઇક્વિટી શેરનું રૂ. 12000 ના ઇક્વિ.સ્ટોકમાં રૂપાંતર કર્યું. આમનોંધ લખો.

પ્ર-૪ ન્યુ ઇન્ડિયા ઇન્સ્યુરન્સ કંપની લિ.ની તા.31-03-2017ના રોજ પુરા થતા વર્ષની સમુદ્ર અને આગ વિભાગની માહિતી આ પ્રમાણે છે. ૧૪

	વિગત	સમુદ્ર રૂ.	આગ રૂ.
૧)	તા.31-03-16 ના રોજ ભાવી જોખમ માટેનું અનામત	1,65,000	66,000
૨)	તા. 31-03-16 ના રોજ વધારાનું અનામત	16,500	33000
૩)	ચૂકવેલ દાવા	99,000	1,32,000
૪)	બાકી દાવા અંગે જવાબદારી : તા. 31-03-16 ના રોજ	9900	13200
	તા. 31-03-17 ના રોજ	19800	16500
૫)	પૂન: વીમા પ્રીમિયમ	3300	66600
૬)	આપેલ પૂન: વીમા પર કમિશન	9900	13200
૭)	સ્વીકારેલ પૂન: વીમા પર કમિશન	6600	9900
૮)	આગ બુઝાવવાનો ખર્ચ		3300
૯)	પૂન: વીમાના મળ્યા	1300	2600
૧૦)	પ્રીમિયમ મળ્યું	264000	297000
૧૧)	સીધા ધંધા પર કમિશન	49500	33000
૧૨)	વ્યાજ ડિવિડન્ડ	16500	19800
૧૩)	ચેકાણોના વેચાણનો નફો	13200	6600
૧૪)	વહીવટી ખર્ચા	5000	1700

(૧) સમુદ્ર વિભાગ માટે ચોખ્ખા, પ્રીમિયમની આવકના 100 % અને આગ વિભાગ માટે ચોખ્ખી પ્રીમિયમની આવકના 50 % જેટલું ભાવી જોખમ માટેનું અનામત રાખવું.

પ્ર-૩ સમભાવ લિ.નું તા. 31-03-2017 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

મૂડી દેવાં	રૂપિયા	મિલકતો	રૂપિયા
શેરમૂડી		જમીન-મકાન	
4000 6% ના ક્યુ. પ્રેફરન્સ શેર		(બજાર કિંમત રૂ. 5,60,000)	550000
દરેક રૂ. 100 નો	400000	પ્લાન્ટ અને યંત્રો	200000
50,000 ઇકવિટી શેર દરેક રૂ. 10 નો	500000	પાઘડી	55000
જામીનગીરી પ્રીમિયમ	60000	પેટન્ટસ	40000
સામાન્ય અનામત	40000	સ્ટોક	52000
લેણદારો	100000	દેવાદારો	73000
દેવી હુંડી	50000	હુંડીઓ	54000
		ન.નુ.ખાતું	45000
		પ્રાથમિક ખર્ચ	25000
		જાહેરાત ઉપલક ખાતું	35000
		રોકડ બેન્ક સિલક	21000
	1150000		1150000

અદાલતે મૂડી ઘટાડાની નીચેની યોજના મંજૂર કરી,

(૧) પ્રેફરન્સ શેર, શેરદીઠ રૂ. 30 સુધી ઘટાડવો.

(૨) ઇક્વિટી શેર, શેરદીઠ રૂ. 4 થી ઘટાડવાના છે.

(૩) જામીનગીરી પ્રીમિય અને સામાન્ય અનામતનો ઉપયોગ મિલકતોની કિંમત ઘટાડવામાં કરવો. અદૃશ્ય અને અવાસ્તવિક મિલકતો માંડી વાળવાની છે. જમીન-મકાન બજારકિંમતે દર્શાવવી.

(૪) પ્લાંટ અને યંત્રોની કિંમત રૂ. સુધી 70000 ઘટાડવી.

(૫) પ્રેફરન્સ શેર પર છેલ્લા બે વર્ષનું ડિવિડન્ડ ચૂકવવાનું બાકી છે. તેમને બાકી ડિવિડન્ડના દરેક રૂ. 10 દીઠ રૂ. 06 નો એક એવા ઇકવિટી શેર આપવાના છે.

કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખી નવું પાકું સરવૈયું તૈયાર કરો. ૧૪

અથવા

પ્ર-૩ (અ) મૂડી ઘટાડા માટે કંપની ધારાની જોગવાઇ જણાવો. ૭

અથવા

મૂડી ઘટાડા માટે માંડીવાળાની રકમો (મૂડી ઘટાડાનો ઉપયોગ) જણાવો.

(બ) નીચેના વ્યવહારોની કંપનીના ચોપડે આમનોંધ લખો. (ગમે તે બે) ૪

(૧) એક કંપનીની ભરપાઇ થયેલી મૂડી રૂ. 100 નો એક 30000 ઇક્વિટી શેરની બનેલી છે. કંપનીએ ઠરાવ પસાર કરીને પ્રત્યેક ઇક્વિટી શેરનું રૂ. 10 નો એવા 02 ઇક્વિટી શેર તથા રૂ. 10 નો એવા 01 પ્રેફરન્સ શેરમાં વિભાગીકરણ કર્યું.

(૨) બંન્ને વિભાગોનું વધારાનું અનામત પ્રીમિયમ બાદ પૂન: વીમાના 10 % રાખવું.
બન્ને વિભાગોના મહેસુલી ખાતા તૈયાર કરો.

અથવા

પ્ર-૪ (અ) સમજાવો. (ગમે તે એક) ૦૮

(૧) "પૂન: વીમા"

(૨) બાકી જોખમ અનામત

(બ) સમજાવો. (૦૬)

(૧) ચૂકવેલ દાવા

(૨) કમિશન

(૩) નો ક્લેઇમ બોનસ

પ્ર-૫ વિકલ્પોમાંથી સાચા વિકલ્પની પસંદગી કરો. (કોઇપણ સાત) ૧૪

(૧) એક પેઢીની કુલમિલકતો રૂ. 6 લાખની છે. જવાબદારીઓ રૂ. 50000 છે. ખરીદકિંમત રૂ. 6 લાખ નક્કી થઇ છે તો શું થશે ?

(અ) પાઘડી (બ) મૂડી અનામત

(ક) મૂડી અનામત અને પાઘડી બન્ને (ડ) ઉપરમાંથી એક પણ નહિ

(૨) નીચેનાને ઘસારાનું હિસાબ હિસાબી ધોરણ-6 લાગું પડતું નથી.

(અ) પ્લાન્ટ (બ) પાઘડી

(ક) ફર્નિચર (ડ) મકાન

(૩) રૂ.200ના એવા શેરદીઠ રૂ. 250 લેખે બહાર પાડેલ ઇક્વિટી શેર પર બાંયધરી દલાલને ચૂકવવાપાત્ર બાંહેધરી કમિશન

(અ) રૂ.10 (બ) રૂ.05

(ક) રૂ.12.50 (ડ) રૂ.06.25

(૪) પોતાના જ ડિબેંન્ચરમાં રોકાણ, કંપનીના ..... માં નોંધાય છે.

(અ) ન.નુ.ખાતા (બ) નોંધ થતી નથી.

(ક) પાકાસરવૈયામાં લાંબાગાળાના દેવાં તરીકે (ડ) પાકાસરવૈયામાં મિલકત તરીકે

(૫) મૂડી ઘટાડાની યોજના હેઠળ એકત્રિત થયેલ ખોટ માંડી વાળ્યા બાદ મૂડી ઘટાડા ખાતે બાકી રહેતી રકમ લઇ જવાય છે.

(અ) મૂડી અનામત ખાતે (બ) મૂડી પરત અનામત ખાતે

(ક) સામાન્ય અનામત ખાતે (ડ) શેરમૂડી ખાતે

(૬) જ્યારે સત્તાવાર શેરમૂડીમાં વધારો કરવામાં આવે ત્યારે

(અ) કોઇ નોંધ થતી નથી
(બ) શેરમૂડી ખાતુ ઉધારાય છે.
(ક) શેરમૂડીખાતુ જમા કરવામાં આવે છે.
(ડ) બેંકખાતું ઉધારાય છે.

(૭) આગ અને દરિયાઇ વીમાના ધંધામાં વીમા એજન્ટને વધુમાં વધુ

(અ) 50 % કમિશન આપી શકાય
(બ) 15 % થી વધુ કમિશન ન આપી શકાય
(ક) 20 % કમિશન આપી શકાય
(ડ) 25 % કમિશન આપી શકાય

(૮) દાવાઓ સંબંધિત કાનૂની ખર્ચ કયા મથાળા હેઠળ બતાવાય છે.

(અ) ચૂકવેલ કમિશન
(બ) પ્રીમિયમ
(ક) ચૂકવેલ દાવા
(ડ) વહીવટી ખર્ચ

(૯) જ્યારે ખરીદનાર વિસર્જન ખર્ચ ભોગવે ત્યારે ખરીદનાર કંપની વિસર્જન ખર્ચની રકમ કયા ખાતે ઉધારશે ?

(અ) શેરમૂડી
(બ) વેચનાર
(ક) વિસર્જન ખર્ચ
(ડ) પાઘડી